R.N.I. No. : GUJGUJ/2000/447-

અયુબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(લા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ, નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 26 DATE: 30-06-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

ભારત વિશ્વમાં મહિલાઓ માટે ખતરનાક દેશ છે : સર્વેમાં ચોકાવનારુ તથ્ય

થોમસ રોયટર્સ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણમાં ભારત વિશે ચોકાવનારુ તથ્ય બહાર આવ્યુ છે.થોમસના સર્વેક્ષણમાં ભારતને મહિલાઓ માટે દુનિયાનો સૌથી વધુ ખતરનાક દેશ ગણવામાં આવ્યો છે. સર્વેક્ષણ અનુસાર ભારતમાં ૨૦૧૬માં બળાત્કારના ૪૦ હજાર કેસો નોધાયા છે. જે હજુ સુધી દુનિયાભરમાં ક્યાંય બન્યા નથી.ગૃહયુધ્ધથી તબાહ થયેલા સીરીયા અને અફઘાનિસ્તાન કરતાં પણ ભારતની હાલત અત્યંત કફોડી છે.આ સર્વેમાં મહિલાઓના અધીકાર માટે કામ કરનાર ૫૫૦ નિષ્ણાંતો સામેલ થયા હતા.આ નિષ્ણાંતોને ૧૯૩ દેશોમાંથી ટોપ ૧૦ દેશોને રેન્ક આપવાનું કહેવામાં આવ્યુ હતું.જેમાં ભારતને ટોચના ક્રમે રાખવામાં આવ્યું.૨૦૧૨ના નિર્ભયાકાંડ દેશમાં આક્રોશ ફાટી નિકળ્યો હતો જે પછી સરકારને મહિલા સુરક્ષા અંગેના કાયદાઓ કડક બનાવવાની ફરજ પડી હતી.તેમ છતાં પણ આજદિન સુધીમાં મહિલા સુરક્ષાને નામે ઝાઝો કંઈ ફરક પડ્યો નથી. ઉલટાની હાલત કફોડી બની છે.સર્વેક્ષણમાં અફઘાનિસ્તાનને બીજા નંબરે અને પાકિસ્તાને છઠ્ઠા નંબરે રાખવામાં આવ્યું છે.

તમામ કાયદાઓ અમલી હોવા છતાં પણ મહિલાઓની સામે ગુનાખોરી વધી રહી છે. એનસીઆરબીના નવા આંકડાઓ એવું દર્શાવી રહ્યા છે કે ૨૦૧૬ના વર્ષમાં દેશમાં બળાત્કારના લગભગ ૪૦ હજાર કેસો બન્યા હતા એટલે કે એક કલાકમાં સરેરાશ ચાર અને રોજની ૧૦૬ ઘટનાઓ.દર ૧૦ પીડીતાઓમાંથી ચાર સગીર હતી.૨૦૦૭થી ૨૦૧૬ સુધી મહિલાઓની સામે થનાર ગુનાઓમાં ૮૩ ટકાનો વધારો થયો છે.હજુ હમણાં જ થયેલા કહુઆ અને ઉન્નાવ બળાત્કાર કાંડના આંતરરાષ્ટ્રીય સ્તરે પડઘા પડ્યા હતા.

પશ્ચિમ બંગાળમાં મહિલાઓની હાલત બદથી બદતર બનેલી છે.પશ્ચિમ બંગાળમાં મહિલાઓની સામે થનાર ગુનાઓના મામલે સમગ્ર દેશમાં પહેલા સ્થાને છે.૨૦૧૬માં અહી મહિલાઓની સામે ૩૨૫૦૦ ગુનાખોરીના કેસો નોધાયા હતા. મહિલાઓની તસ્કરી મામલે પણ બંગાળ ટોચના ક્રમે છે.રાજ્ય સરકારનું એવું કહેવું છે કે ગામડાઓમા ગરીબી,બેરોજગારીને કારણે લોકો દલાલોની ચુંગાલમાં ફસાઈને તેમની પુત્રી બહેનોને તેમની સાથે મોકલી આપે છે.પાછળથી આ મહિલાઓ લાપત્તા બને છે.

કાશ્મીર સમસ્યાને ઉકેલવા મોદી પાસે કોઇ નક્કર નીતિ ન જનથી : અરુણ શૌરી

પુર્વ કેન્દ્રીય મંત્રી સૈફુદીન સોઝના કાશ્મીર પરના પુસ્તક અને સોઝના નિવેદનોને હાથો બનાવીને ભાજપ કોગ્રેસ પર માંછલા ધોઈ રહ્યુ છે. ત્યારે આ પુસ્તકના વિમોચન પ્રસંગે ભાજપના નેતા અરુણ શૌરીએ ભાજપને આડે હાથે લેતા કહ્યુ હતું કે સર્જીકલ સ્ટ્રાઈક પર કટાક્ષ કરીને ફર્જીકલ સ્ટ્રાઈક કહ્યુ હતું. ચુંટણી જીતવા માટે સરકાર હિંદુ અને મુસ્લીમોમાં ભાગલા પડાવતી હોવાના તેમનાજ પક્ષ ભાજપ પર પ્રહારો કર્યા હતા.આ કાર્યક્રમમાં સોઝના નિવેદનોથી અંતર જાળવીને મનમોહનસિંહે અને ચિદમ્બરમ કે ગુલામનબી આઝાદ હાજર રહ્યા નહોતા.

શૌરીએ કહ્યુ હતું કે મોદી સરકાર પાસે કાશ્મીર,પાકિસ્તાન,ચીન કે બેન્કો માટે કોઈ નક્કર નીતિ નથી.શૌરીએ કોગ્રેસના નેતાઓ પર કટાક્ષ કર્યો હતો અને કહ્યુ હતું કે અમિત શાહના કહેવાથી નેતાઓ ડરી ગયા છે કેશું ?સરકાર પર આરોપ લગાવતાં તેમણે કહ્યુ હતું કે સરકાર સબ કા સાથ સબકા વિકાસ સાધવામાં નિષ્ફળ રહી છે તેથી હવે હિંદુ અને મુસ્લીમોમાં ભાગલા પડાવી રહી છે.સરકાર ઈવેન્ટલક્ષી અને ચુંટણીલક્ષી છે.

કાશ્મીરમાં સ્વાયતતાની વાત થોડા અંશે સાચી અને થોડા અંશે ખોટી હોવાનો તેમણે દાવો કર્યો હતો.શૌરીએ કાશ્મીર અને પુર્વોત્તર રાજ્યોની સમસ્યાને સમાન ગણાવી હતી.સરકાર સીધો સંપર્ક કરવાને બદલે સબ કોન્ટ્રાક્ટ કરે છે જે ખોટું છે.સરકાર ત્યાં જે પૈસા મોકલે છે તેમાંથી દિલ્હી અને કાશ્મીરના અધીકારીઓ પૈસા વહેચીં લે છે. સોઝે સીમ પર પાંચ કી.મી.માં વસવાટ કરતા લોકોને અન્ય સ્થળે વસાવવા જમીન ફાળવવાની વાત કરી હતી જેને શૌરીએ આવકારી હતી.

કાશ્મીરના લોકોની અગ્રતા આઝાદી છે અને સરદાર પટેલ કાશ્મીર પાકિસ્તાનને આપવા માંગતા હતા તેવા પોતાના નિવેદનથી અંતર જાળવ્યું હતું.અને આ વિવાદ મીડીયાએ સર્જ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.સોઝે કહ્યુ કે કાશ્મીર ક્યારેય પાકિસ્તાનનો હિસ્સો બની શકે નહીં.ત્યાં આઝાદી પણ સંભવ નથી.તેમણે કહ્યુ હતું કે હું પરવેઝ મુશરફનો પ્રતિનિધિ નથી.મુશરફે સોઝના નિવેદનને સમર્થન આપતાં વિવાદ જાગ્યો હતો.સરકારે લોકોની વચ્ચે જઈને બંધારણને આધારે સમસ્યા ઉકેલવી જોઈએ.

કેનેડામાં અભ્યાસ માટે ભારતીયોને ૬૦ને બદલે૪૫ દિવસમાં વિઝા મળશે

કેનેડામાં ભારત અને અન્ય ત્રણ દેશ માટે વિઝાના નિયમોમાં રાહત આપવામાં આવી છે.વિઝા પ્રોસેસીંગના સમયમાં પણ ઘટાડો કરી દેવાયો છે.સ્ટુન્ડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ નામના પ્રોગ્રામ અંતગર્ત આ પ્રક્રિયાનો સમય ઘટાડીને ૪૫ દિવસ કરી દેવાયો છે.એટલે હવેથી ૪૫ દિવસમાં કેનેડા માટેના સ્ટુડન્ટ વિઝા મળી જશે. જે અગાઉ ૬૦ દિવસમાં મળતા હતા.ચીન,વિયેતનામ,અને ફીલીપાઈન્સ જેવા દેશને પણ આ વિઝા રાહતનો લાભ મળી જશે.કેનેડાએ વિઝા અંગેના કેટલાક નિયમો સરળ બનાવતાં કેનેડા જનારા ભારતીયોનો વધારો થશે.

પાસપોર્ટ મેળવવા માટેના નિયમો સરળ બનાવાયા.મોબાઇલ એપ દ્વારા પાસપોર્ટની અરજી, ઘેર બેઠા ડિલીવરી

સરકાર દ્વારા નાગરિકો માટે પાસપોર્ટ મેળવવા માટેના નિયમો હવે વધુ સરળ બનાવાયા છે.અનેક બિનજરુરી નિયમોને રદ કરી દેવાયા છે.તેથી આમ આદમી માટે પાસપોર્ટ મેળવવાનું સરળ બનશે.હવે ઘેર બેઠા મોબાઈલ એપ્સ પર દેશમાં કોઈપણ સ્થળેથી પાસપોર્ટ મેળવવા માટેની અરજી કરી શકશે.અરજીમાં દર્શાવેલ સ્થળે પોલીસ દ્વારા ઘેર આવીને પોલીસ વેરીફીકેશન કરશે. તમામ પ્રક્રિયા પુરી થયા પછી ઘેર બેઠા બેઠા પાસપોર્ટની ડીલીવરી કરવામાં આવશે.ડીજીટલ ઈન્ડીયા ઝુંબેશ હેઠળ વિદેશ મંત્રાલયે પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે હળવા નિયમોની જાહેરાત કરી હતી.આ સાથે પાસપોર્ટ એપ પણ જારી કરાઈ હતી.દેશમાં હાલમાં ૩૦૭ પાસપોર્ટ સેવા કેન્દ્રો કાર્યરત છે.દરેક લોકસભા મતવિસ્તારમાં પાસપોર્ટ કેન્દ્ર ખોલાશે. જેથી લોકો આસાનીથી પાસપોર્ટ કઢાવી શકશે.૪વર્ષમાં સરકારે નવા ૨૧૨ પાસપોર્ટ સેવા કેન્દ્રો શરુ કર્યા છે.

વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે કહ્યુ હતું કે પાસપોર્ટ મેળવવા માટે લોકોને પડતી અનેક મુશ્કેલીઓ દુર કરવામાં આવી છે.હવે પાસપોર્ટ મેળવવા મેરેજ સર્ટીફીકેટની જરુર પડશે નહીં.લોકોને સરળતા રહે તેવા નિયમો બનાવવામાં આવ્યા છે.પાસપોર્ટ બનાવવા લોકોને જન્મતારીખનો દાખલો આપવામાં બહુ મુશ્કેલીઓ પડતી હતી.જે હવે દુર કરાઈ છે.આને માટે જન્મનું પ્રમાણપત્ર માંગવામાં આવતું હતું પણ હવે જન્મતારીખ માટે ૭-૮ એવા કાગલો સામેલ કરાયા છે જેથી લોકોની મુશ્કેલીઓ દુર કરી શકાય.હવે આધારકાર્ડ કે ડ્રાઈવીંગ લાયસંસ કે સરકાર માન્ય એવા કોઈ જ પુરાવા પર લખેલી જન્મતારીખને માન્ય રાખવામાં આવશે.

અનાથાલયના બાળકો માટે ત્યાંના સંચાલકો જે જન્મતારીખ આપશે તે માન્ય રખાશે.સાધુ અને સંન્યાસીઓ માટે તેમના માતાપિતાના નામને બદલે તેમના ગુરુનું નામ માન્ય ગણાશે. છુટાછેડા લીધેલી પત્નીને પાસપોર્ટની અરજી માટે હવે તેના પુર્વ પતિનું નામ પુછવામાં આવશે નહીં. આમ સંન્યાસીઓ તેમજ છુટાછેડા લીધેલી મહિલાઓને રાહત અપાઈ છે.

બેકારીના ૩૦ દિવસ પછી પીએફની ૭૫ ટકા રકમ ઉપાડી શકાશે : ઇપીએફનો નિર્ણય

નિવૃત ફંડ સંસ્થા ઈપીએફઓ દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે તેના તમામ સભ્યોને બેકાર થયાના એક મહિના પછી તેની જમા થયેલી પીએફની રકમના ૭૫ ટકા રકમ ઉપાડવા ની છુટ આપવી.ઈપીએફઓના સભ્યો બેકારીના ૨ મહિના પછી પીએફની બાકીની ૨૫ ટકા રકમ પણ ઉપાડી શકશે અને પીએફના ખાતાનું ફાઈનલ સેટલમેન્ટ કરી શકશે.એપ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ સ્કીમ ૧૯૫૨ હેઠળ આ નવી જોગવાઈ દાખલ કરવામાં આવશે તેમ કેન્દ્રીય શ્રમ મંત્રી સંતોષકુમારે જણાવ્યુ હતું.તેઓ ઈપીએફઓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટ્રીઝના ચેરમન પણ છે.

હાલની જોગવાઈ મુજબ ઈપીએફઓના સભ્ય ૨ મહિના બેકાર રહ્યા પછી એક જ તબક્કે તેનો પુરેપુરો પીએફ ઉપાડી શકે છે.આ જોગવાઈનો હેતુ એ હતો કે ફરી નોકરી મેળવ્યા પછી ખાતેદાર ઈપીએફઓમાં તેનું ખાતુ ચાલુ રાખી શકે અને નવી નોકરીમાં કપાતો પીએફ તેના ખાતામાં જમા કરી શકે. ટ્રસ્ટ દ્વારા એક્સચેન્જ ટ્રેડેડ ફંડની મુદત વધુ એક વર્ષ લંબાવવામાં આવી છે. જેની મુદત ૧ જુલાઈ,૨૦૧૯ સુધી રહેશે.જ્યારે ફંડ મેનેજર્સની મુદત ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ સુધી લંબાવાઈછે.ઈપીએફઓનું ઈટીએફમાં રોકાણ ૧ લાખ કરોડની સપાટી વટાવી ગયું છે. આ વર્ષે મે મહિનાના અંત સુધીમાં રુ.૪૭૪૩૧.૨૪ કરોડનું રોકાણ કરાયું છે. જેના પર ૧૬.૦૭ ટકા વળતર મળ્યુ છે.

નવક્રાન્તિ સામાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

નવક્રાંતિ

પત્રકારોની જીંદગી તલવારની ધાર પર ચાલવા જેવી હોય છે.પત્રકારનું કામ સત્યને ઉજાગર કરવાનું હોય છે.પરંતુ સત્ય જ્યારે પબ્લીક સમક્ષ ખુલી જતું હોય છ ત્યારે ઘણાબધાની પોલ ખુલી જતી હોય છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે સત્ય બ્રુયાત,પ્રિયમ,બ્રુયાત,એટલે કે સાચુ બોલો પણ પ્રિય લાગે તેવું બોલો. હકીકતમાં આ શક્ય નથી.સાચી વાત સામાવાળાને કડવી લાગે છે.જ્યારે તમે પત્રકારના વ્યવસાયમાં હો ત્યારે અને તમે નીડર અને પ્રમાણિક પત્રકાર હો ત્યારે તમારા દુશ્મનોની સંખ્યામાં દરરોજ વધારો થતો જાય છે. આ નીડર અને પ્રમાણિક પત્રકારને ડિસ્ટર્બ કરવા માટે તેની પાછળ ગુંડાઓ,,પોલીસ, સરકાર,અધિકારીઓ સહિત આખી સિસ્ટમ કામે લાગી જતી હોય છે.જો આ પત્રકાર તેમ છતાં પણ ચુપ ના રહે તો તેને કાયમ માટે ચુપ કરી દેવાતો હોય છે.પત્રકારત્વના વ્યવસાય સાથે જોડાયેલા આ પ્રોફશનલ્સ હેઝાર્ડ છે. પત્રકારો સામે કાયમ બે વિકલ્પો હોય છે.એક તમે તમારા કામ સાથે બાંધછોડ કરો, સિસ્ટમમાં સામેલ થઈ જાવ અને તમારી જીંદગી એશોઆરામ અને મોજશોખથી પુરી કરો.બીજા વિકલ્પમાં તમે તમારા પત્રકારિત્વના સિધ્ધાંતોને ઝનુનપુર્વક વળગી રહો અને તમારી જીંદગીને કાયમ મુશ્કેલીમાં મુકી દો.

મુંબઈના પત્રકાર જ્યોતિર્મય ડે જેને લોકો પ્રેમથી જેડે તરીકે બોલાવતા હતા.તેણે પત્રકાર તરીકે બીજો વિકલ્પ પસંદ કર્યો હતો. મુંબઈની પત્રકાર આલમમાં જેડેનું નામ આદરથી લેવાતું હતું.જેડેએ પોતાની કેરીયર હિન્દુસ્તાન ટાઈમ્પના વાઈલ્ડલાઈફના સબ્જેકટ પર સ્ટોરી આપવાથી શરુ કરી હતી.મુંબઈના બોરીવલી નેશનલ પાર્કમાં જે દબાણો ઉભા થતાં હતાં અને તેને કારણે નેશનલ પાર્કના પ્રાણીઓને જે તકલીફો થતી હતી તે અંગે વિગતવાર અહેવાલો પ્રસિધ્ધ કર્યા હતા.ખુદ સરકારના જુદા જૂદા વિભાગોએ પણ નેશનળ પાર્ક માટે રિઝર્વ કરેલી જગાઓમાં દબાઓ કર્યો હતા.જેડેના આ અહેવાલોથી મુંબઈ વિધાનસભામાં ભારે હંગામો થયો.

જે ડેએ પોતાની જર્નાલીસ્ટ કેરીયરમાં આફટરનુન ડિસ્પેચ,ઈન્ડીયન એક્સપ્રેસ,મીડ ડે જેવા અખબારોમાં કામ કર્યુ હતું. પરંતુ જેડેની કામગીરી મીડ ડેમાં ચર્ચાઈ હતી. મુંબઈના આ ટેબ્લોઈડમાં જે સ્ટોરી આવતી તે કાબિલેદાદ હતી. જેડે અધારી આલમની રગેરગથી વાકેફ હતો.જેડે બોમ્બે કાઈમ અંગે બે બુક લખી હતી. ઝીરો ડાયલ ધ ડેન્જરસ વર્લ્ડ ઓફઈન્ફોમર્સ અને ખલ્લાસ જેમાં અંડરવર્લ્ડ ઓપરેશન અંગેની માહીતી હતી. જેડે મુંબઈના બે ટોપમોસ્ટ ગેગ લીડર દાઉદ અને છોટા રાજન પર ઘણીબધી સ્ટોરી કરી હતી.

જે ડેએ મુંબઈમાં ફાલેલા ઓઈલ માફીયા કૌભાંડ અંગે એક બહુ મોટી સ્ટોરી લખી હતી. ઓઈલ માફીયાઓનું આ કૌભાંડ ૧૦હજાર કરોડનું હતું અને તેમાં મોટા માથા સંડોવાયેલા હતા.આવાં તો કેટલાક કૌભાંડોની સ્ટોરી જેડેની બાયલાઈનથી મુંબઈના અખબારોમાં છપાતી રહી અને જેડેએ કેટલાય ગેંગસ્ટરોને ખુલ્લા પાડ્યા હતા.

જે ડેની હત્યાની તપાસ કરવાનું આશ્વાસન જે તે વખતના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે આપ્યુ હતું તે ફળ્યું અને મુંબઈ ક્રાઈમ બ્રાંચે હત્યાના ૧૬માં દિવસે જેડેની હત્યાના આરોપીઓને પકડી લીધા.આ બધા જ રાજનની ગેંગ સાથે સંકળાયેલા હતા. જો કે ક્રાઈમબ્રાંચની તપાસમાં એશિયન એજના ડેપ્યુટી બ્યુરો ચીફ જિજ્ઞા વોરાનું નામ બહાર આવ્યું.જિજ્ઞા પર જેડેની મોટરબાઈક અને તેનું સરનામું છોટા રાજને પુરુ પાડવાનો આરોપ લાગ્યો હતો.આ પહેલા આ પત્રકારે રાજન સાથે ટેલીફોન પર ૩૬ વખત વાત કરી હતી.પત્રકારો માટે આઘાતજનક બાબત હતી કે એક પત્રકારની હત્યા બીજો પત્રકાર કરાવે તે હતું.જો કે આખરે જિજ્ઞા વોરા પુરાવાના અભાવે છુટી ગઈ છે.

પત્રકારો માટે સત્ય ઉજાગર કરવું જરુરી છે. તેમાં નીડર અને પ્રમાણિક પત્રકાર હોવું પણ જરુરી છે.આવા પત્રકારનો ખબર હોતી નથી.જ્યાં સુધી દેશમાં આવા પત્રકારોની ફોજ હશે ત્યાં સુધી ખોટુ કરનારાઓ બીતા રહેશે.

જમ્મુ કાશ્મીરમાં સુજાત બુખારીની હત્યા બાદ અહીયા પત્રકારો માટે જીવનું જોખમ વધી ગયું છે.કાશ્મીરમાં સત્ય ઉજાગર કોણ કરશે ?સામાન્ય નાગરિકોનું જીવન પણ દોજખ જેવું બની ગયું છે. દેશમાં પત્રકારો માટે સાચી માહીતી મેળવવી અને તેને પ્રકાશમાં આણવી તેમાં માત્ર આતંકીઓનું જોખમ છે તેટલું જ નહી પરંતુ સરકારો પણ આવા સમાચારો પ્રસિધ્ધ થાય તેમ ઈચ્છતી નહી હોવાને કારણે તેમના કાર્યકરો પણ હિંસક બને છે.

(સૌ. સંદેશ આધારિત)

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

દંપતિને સલામ

અંતરીયાળ પહાડી પ્રદેશમાં એક ગામ આવેલું છે. આ ગામના લોકો ખુબ ગરીબાઈમાં જીવે છે. લોકો આખો દહાડો મહેનત-મજુરી કરીને પેટનો પુરે છે. આ ગામના લોકો મહેનત મજુરી કરે અને ગોધુલિ વેળાએ પોતાના આવાસ નજીકની દુકાને જઈ મીઠુ,મરચું,તેલ,હળદર,તાંદુલ અને તુવેર દાળ વગેરે ખરીદે. આમ દિનભર સખ્ત પરિશ્રમ કરે ત્યારે ઘરનો ચુલો સળગે.ઉત્સવો ટાણે બાળકોને માંડ માંડ નવા કપડાં મળે, એ પણ મા-બાપની પોતાની કમાણીમાં ખુબ કરકસર કરે ત્યારે,નહી તો નવું લુગડું શું ને જુનુ લુગડું શુ ? તેની કોઈ બેમત રહેતી નહીં.

આ ગામના ગ્રામજનો પૈસા પાછળ આંધળી દોટ કરવાને બદલે સબંધો પાછળ દોટ વધુ રહેતી. સૌ જનો હળી મળીને રહે. એકમેકમાં જીવે તેમજ એક બીજાનો વિશ્વાસ જીતીને જીવે. અર્ધી રાતે પાડોશીને મુશ્કેલી ઉભી થાય ત્યારે પાડોશી વ્યક્તિ પોતાના પાડોશી પ્રેમ તેમના માટે નીચોવી નાંખે. પાડોશી વ્યક્તિ પોતાની નિંદરને મહત્વ આપવાને બદલે પાડોશીને પ્રાધાન્ય આપે. આ ગામમાં એવો પણ રિવાજ હતો કે કોઈ પણ વ્યક્તિનું નિધન થાય તો આખું ગામ શોકમાં ડુબી જાય. ગ્રામજનોના એક એક ઘરમાં ચુલો સળગે નહીં. આ દુઃખદ દિને કોઈપણ વ્યક્તિ મજુરી જવાનું પણ ટાળતા હોય છે.મરણ પ્રસંગ બન્યો હોય તેમના ગરે જઈ શોક વ્યક્ત કરતા હોય છે. દિલાસો આપતાં હોય છે. તેમના દુઃખમાં સહભાગી બનતા હોય છે.

આ ગામમાં એક વખત આધેડ વયના વ્યક્તિનું અકાળે મૃત્યુ થયું.નિધનના વાવડ જેમ જેમ સગાસબંધીઓને અને ગ્રામજનોને મળે તેમ તેમ લોકો નિધન થયેલ વ્યક્તિને ઘરે ઉતાવળે પગલે જઈ રહ્યા હતા. સગાસબંધીઓ-ગ્રામજનોની જેમ આ ગામના સીમાડે વસતું એક અર્ધી સદી વટાવી ચુકેલું દંપતી પણ જઈ રહ્યુ હતું. સાંકડી કેડી અને ઘોર અંધારુ હોવાથી આ દંપતિએ સાથે બેટરી લીધી હતી.બેટરીના અજવાળે કેડીએ જઈ રહ્યા હતા.નિધન થયેલ વ્યક્તિની વાતો કરતા કરતા કેડી પસાર કરી રહ્યા હતા.વાતાવરણ આખું શાંત બની ગયું હોવાથી ઘણીખરી વ્યક્તિઓનો રુદનનો અવાજ તેમને સંભળાય રહ્યો હતો.હવે લગભગ નિધન થયેલ વ્યક્તિનું ઘર ખાસ દુર નહોતું. બેટરીના અજવાળે જતાં એકાએક બેટરીનો પ્રકાશ સામે આવતાં વાઘ પર પડી. વાઘનો ભેટો થઈ ગયો હોવાથી તેમનો જીવ પડીકે બંધાઈ ગયો. તેમની બુધ્ધિ કુંઠિત થઈ ગઈ હતી.દરેક વ્યક્તિને જીજીવીષા હોય આથી દંપતિએ એક ક્ષણનોય વિચાર કર્યા વગર એ રીતે અલગ અલગ દિશામાં ભાગવાને બદલે લગ્ન વખતે હસ્ત મેળાય થયો હતો તેમ દંપતિએ એકબીજાનો હાથ પકડીને ઘર ભણી ભાગ્યા.ઘરે સલામત પહોચ્યા બાદ દંપતિના હૈયે ટાઢક વળી.ગામમાં આ દંપતિ આવનાર પેઢી માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ બની ગયું. આ દંપતિને સલામ.

ધણિધણિયાણિ ભલે દેહથી અલગ અલગ હોય પણ તેઓ એક જીવ હોય છે.મુશ્કેલીના સમયે બંન્ને એક બને તે જીંદગીમાં ખુબ આવશ્યક છે.જીંદગીમાં સુખ-દુઃખ કે તંદુરસ્તી-માંદગી હોય બંન્ને સાથે અને પાસે રહે એ જ ઉત્તમ દંપતિ જીવન છે.

મથુર વસાવા , ઉના જી.ગીર

રાજ્યસભાના ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ મોદીના મંત્રીઓને અર્થતંત્રની ખબર નથી કે જાણકારી નથી તેવો ઘટસ્ફોટ કર્યો

એક પોર્ટલને આપેલા ઈન્ટરવ્યુમાં ભાજપના રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યુ હતું કે મોદી સરકારના એક પણ મંત્રી પાસે આર્થિક બાબતોની જાણકારી નથી.તેમણે કહ્યુ હતું કે કેન્દ્રીય કેબિનેટમાં એક પણ મંત્રીને અર્થતંત્રની કશી ખબર નથી.અર્થશાસ્ત્રને સમજવાની દરેક પાસે આવડત હોતી નથી.જો કે તેમણે એમ પણ કહ્યુ હતું કે દેશમાં કોઈ પાર્ટી પાસે વર્તમાન આર્થિક વ્યવસ્થા સમજવાની ત્રેવડ છે. તે વખતના આરબીઆઈના ગર્વનર રઘુરામ રાજન સામે કરેલા આક્ષેપોનો જવાબમાં સ્વામીએ કહ્યુ હતું કે તેમણે વ્યાજના દર વધાર્યા હતા તેને કારણે લઘુ ઉદ્યોગો પર અસર થઈ હતી.તેનાથી જ દેશમાં બેરોજગારી વધી હતી.વ્યાજના દર વધારવાનો નિર્ણય અર્થતંત્ર માટે ઘાતક હતો. પણ રાજન તે સમજી શક્યા નહોતા. તેવું તેમણે કહ્યુ હતું.

જાણવા જેવું

લાયરબર્ડ નામનું પક્ષી સાંભળેલા અવાજની નકલ કરી શકે છે.

તીતીઘોડો પોતાની પાંખોને પાછળના પગ સાથે ઘસી ખાસ પ્રકારનો અવાજ કરે છે.

કાકાપો નામનો પોપટ વિશ્વનો સૌથી મોટો પોપટ છે જે કદી ઉડી શકતો નથી.

મેકસિકો અખાતમાં થતી મિકગાર્ડીયા નામની માછલીને બાર હાથ હોય છે.

ગીધ તેની ચાંચમાં ૩૦૦ ગ્રામ વજનવાળો પથ્થર ઉચકી શકે છે.

કરોળીયો એક મિનિટમાં લગભગ ૬ મીટર લાંબુ જાળુ બનાવે છે.

અમેરીકાનું રાષ્ટ્રીય પક્ષી સફેદ માથાવાળું ગરુડ (બોલ્ડ ઈગલ)છે.

સ્ટેનફિશ માછલી પથ્થરોની વચ્ચે માળો બનાવીને રહે છે.

સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળામુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પર આવેલો છે.

બોઈંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

કાશ્મીરમાં ભાજપ અને પીડીપીના સગવડીયા સબંધોનો કરુણ અંત :ત્રણ વર્ષ જુનું ગઠબંધન તુટ્યુ અને હવે રાજ્યમાં રાજ્યપાલનું શાસન અસ્તિત્વમાં

ભારતીય જનતા પાર્ટી અને પીડીપીનું ગઠબંધન ત્રણ વર્ષ બાદ તુટી પડ્યું અને આખરે મહેબુબા મુફ્તિને મુખ્યમંત્રી તરીકેના હોદ્દાનો ત્યાગ કરવ ો પડ્યો.હવે રાજ્યમાં રાજ્યપાલનું શાસન લાદી દેવામાં આવ્યું છે.અનર્થોની પરંપરા ચાલુ જ રહી અને હજુય ચાલુ છે.સરકાર ચલાવવાનુ અને તે સફળ નહી થવાના દોષારોપણ એકબીજા પર કરીને આખરે ગઠબંધન તોડવું પડ્યું . ૨૦૧૯ની ચુંટણી પહેલા ભાજપ પાસે કોઇ વિકલ્પ બચ્યો નહોતો.કાશ્મીર માટે વર્ષો સુધી એક આલાપ જપ્યા બાદ પણ ૩૭૦ની કલમ દુર કરવામાં નપુસંક નિવડ્યા બાદ હવે સમગ્ર કાશ્મીરને બદનામ કરીને પોતાનો કક્કો સાચો ઠેરવવાને માટે ભાજપે તેની તમામ કોશીશો જારી કરી છે.ગઠબંધન છોડવાની જાહેરાત કરતાં ભાજપના મહામંત્રી રામ માધવે એક પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતું કે ભાજપે ત્રણ વર્ષ અગાઉ કેટલાંક લક્ષ્યો સાથે પીડીપીને સાથે રાખીને સરકાર રચી હતી.હવે ગઠબંધનમાં સરકારમાં રહેવાનું ભાજપ માટે અસહ્ય બની ગયું છે. કેરીનો રસ ચુસી લીધા બાદ હવે ગોટલો ફેકી દઈને કેરી બરાબર નથી આલાપ જપતા ભાજપા નેતાઓ હવે રાજ્યપાલ દ્વારા પોતાનો કક્કો સાબિત કરવાનો પ્રયત્ન કરશે તેમાં લેશ માત્ર શંકા નથી.ભાજપે કાશ્મીરમાં પોતાનો મકસદ સિધ્ધ કરવા માટે ત્રણ વર્ષમાં ભરપુર પ્રયત્નો આદર્યા હતા જે ફળીભુત થયા નથી.ઉપરથી ભાજપે સમગ્ર કાશ્મીરની પરિસ્થિતિને સંપુર્ણ રીતે કંન્ટ્રોલ બહાર કરી નાંખી છે.ભાજપ અને પીડીપીના ત્રણ વર્ષના શાશન દરમિયાન મોતનો આંકડો સહુથી વધુ રહ્યો છે.ભાજપ સાથેના ગઠબંધને રાજ્યને આર્થિક અને સમાજીક રીતે ખેદાન મેદાન કરી નાંખ્યું છે.અને જમ્મુ કાશ્મીરને પતનમાં ગરકાવ કરી દીધું છે.

ભારતીય જનતા પાર્ટી અને પીડીપીનું ગઠબંધન રાષ્ટ્રવિરોધી હતું : શિવસેના

શિવસેનાએ જમ્મુ-કાશ્મીરમાં પીડીપી સાથે ભાજપે તોડેલા ગઠબંધનના નિર્ણય અંગે નિશાન સાધતા શિવસેનાએ જણાવ્યુ હતું કે પહેલાંથી જ બધાને ખ્યાલ હતો કે આ ગઠબંધન લાંબુ ચાલશે નહીં. શિવસેના આ ગઠબંધનને રાષ્ટ્રવિરોધનું ગણાવ્યુ છે.શિવસેનાના પ્રવક્તા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે મીડીયા સાથેની વાતચીતમાં કહ્યુ કે ભાજપ પીડીપીના અપવિત્ર ગઠબંધનને લઈને અમે પહેલાથીજ કહી દીધું હતું કે આ લાંબુ ચાલશે નહીં.શિવસેનાએ આ પહેલાં જમ્મુ -કાશ્મીરની નીતિને લઈને કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

જાહેર ખબરના ભાવ

આખુ પાન	૩.૧૦૫૦૦	અર્ધું પાન	૩.૫૦૦૦
૧/૪ પાન	૩.૨૫૦૦	૧/૮ પાન	૩.૧૦૦૦
વાર્ષિક પેનલ	૩.૭૨૦૦	માસિક પેનલ	૩.૧૦૦૦

ટચુકડી જાહેરાત ૩.૫૦૦

વ્યવસાયિક જા.ખ. ૩.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

જમ્મુ કાશ્મીરમાં ગઠબંધન તોડવાનો ભાજપનો નિર્ણય તકવાદી છે: તકવાદી સંગઠને કાશ્મીરને આગમાં હોમ્યું છે : રાહુલ ગાંધી

ભાજપે જમ્મુ-કાશ્મીરમાં પીડીપી સાથે મળીને બનાવેલી ગઠબંધનની સરકારમાંથી સમર્થન પાછું ખેચી લીધું છે.હવે બંને પાર્ટીઓ એકબીજા પર આરોપો લગાવી રહી છે.દરમિયાન કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ભાજપ અને પીડીપી પર આકરા પ્રહારો કર્યા હતા.રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યુ હતું કે પીડીપી અને ભાજપના તકવાદી ગઠબંધનને જમ્મુ કાશ્મીરમાં આગ લગાવી દીધી છે.જેમાં સેકડો નિર્દોષ લોકો અને બહાદુર જવાનો માર્યા ગયા છ.જ્યારે કોગ્રેસના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલે આ સમગ્ર ઘટનાને ૨૦૧૯ની લોકસભા ચુંટણી સાથે જોડીને કહ્યુ હતું કે આગામી લોકસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે પીડીપી સાથે છેડો ફાડવાનો તકવાદી નિર્ણય લીધો છે.

ભાજપે પીડીપીને આપેલું સમર્થન પાછું ખેચવાનો નિર્ણય જાહેર કરતાં રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે પીડીપી અને ભાજપના તકવાદી ગઠબંધન જમ્મુ-કાશ્મીરમાં આગ લગાડી દીધી છે. જેમાં સેકડો નિર્દોષ લોકો અને જવાનો માર્યા ગયા છે. આગઠબંધનથી યુપીએ સરકારની વર્ષોની આકરી મહેનત નકામી ગઇ છે.અહંકાર અને ઘૃણા હંમેશા નિષ્ફળ રહે છે.

જ્યારે પુર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલે કર્યુ હતું કે પીડીપી સાથે અગાઉ એક તકવાદી ગઠબંધન,હવે એક તકવાદી બ્રેકઅપ બંને રાજકીય વિસંગતતાના કામ છે. દેશ કઇ રીતે બદલશે ? જ્યારે કોગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા રણદીપસિંહ સુરજેવાલાએ કહ્યુ છે કે ભાજપની સત્તાની ભુખે જમ્મુ કાશ્મીરનો આતંકવાદની આગમાં ફેકી દીધું છે.

જો પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઇ છે અને તેમાંય ભાજપે લીધેલા કેટલાક નિર્ણયોમાં પીડીપી સાથે ટકરાવ વિગેરેને કારણે તેમજ વહીવટી તંત્ર વચ્ચે ટકરાવને કારણે વહીવટી તંત્ર અને વિકાસની ગાડી પાટા પરથી ઉતરી ગઇ હતી.અને તેને કોઇ કાળે ફરીથી પાટા પર ચઢાવવી તે શક્ય નથી એવું લાગતાં ભાજપે ગઠબંધનમાંથી છુટા થવાનો નિર્ણય કર્યો છે. કાશ્મીરનો પ્રશ્ન પેચીદો છે અને મંદિર અને કાશ્મીરના મુદ્દા પર ભાજપ દેશમાં મતદારોને આકર્ષતો રહ્યો છે તેના માટે ૨૦૧૯ની ચુંટણીમાં આ મુદ્દાઓ પર લોકમત તેમની વિરુધ્ધમાં જાય તેવા સંકેતોને આધારે ભાજપે પીડીપી સાથે ગઠબંધન તોડી કાઢ્યુ છે.

જમ્મુ કાશ્મીરને બરબાદ કર્યા પછી ભાજપે ગઠબંધન તોડ્યું : કેજરીવાલ

દીલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જમ્મુ-કાશ્મીરમાં પીડીપી અને ભાજપના ગઠબંધનને તોડવાના નિર્ણય બાબતે ભાજપ પર નિશાન તાકતા કહ્યુ હતું કે રાજ્યને બરબાદ કરી નાંખ્યા બાદ ભાજપે ગઠબંધન તોડી નાંખ્યુ છે.તેમાં તેમણે નોટબંધીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

કેજરીવાલે ટ્વીટ કરીને લખ્યુ હતું કે બરબાદ કર્યા પછી કાશ્મીરમાંથી ભાજપ બહાર નીકળી ગયો છે.શું ભાજપે આપણને એમ નહોતું કહ્યું કે નોટબંધીથી કાશ્મીરમાં આતંકવાદની કમર તુટી ગઇ છે ? હવે શું થયુ ?

ઉલ્લેખનીય છે કે ભાજપે પીડીપી સાથે જમ્મુ-કાશ્મીરમાં લગભગ ત્રણ વર્ષ સુધી ગઠબંધનની સરકારમાં રહ્યા બાદ સરકારને આપેલું સમર્થન પાછું ખેચી લીધું છે.ભાજપે કહ્યુ હતું કે રાજ્યમાં વધતા કટ્ટરવાદ અને આતંકવાદના કારણે સરકારમાં રહેવું મુશ્કેલ બની ગયું છે. આ દરમિયાન કોગ્રેસે પીડીપીને સમર્થન ન આપવાનું એલાન કર્યુ છે.રાજ્યસભાના સાંસદ અને વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે કહ્યુ હતું કે જે કાંઇ બન્યું છે તે સારુ છે.કાશ્મીરના લોકોને રાહત મળશે. ભાજપે કાશ્મીરને બરબાદ કરી દીધું છે.

જો કે ભાજપ રાજપાલના શાસનને કારણે હજુ પણ રાજ્યમાં વધુને વધુ કડક પગલાં દ્વારા રાજ્યને કપરી સ્થિતિમાં લઈ જશે તેવું અનુમાન લગાવાઇ રહ્યું છે.

વીડીયોકોન ઇન્ડસ્ટ્રીઝે નાદારી અંગે મોદી,સુપ્રીમ અને બ્રાઝિલને જવાબદાર ઠેરવ્યા :નોટબંધીએ વેપાર ઠપ્પ કર્યો પરિણામે ભારે નુકશાન વેઠવું પડ્યું

દેવાના બોજ હેઠળ ડુબેલી વીડીયોકોન કંપનીએ ગ્રુપ કંપની પર થયેલા રુ.૩૯,૦૦૦કરોડના દેવા માટે વડાપ્રધાન મોદીની નીતિઓને જવાબદાર ઠેરવી હતી.કંપનીએ મોદી ઉપરાતં દેશની સુપ્રીમ કોર્ટ અને બ્રાઝિલને નાદારી માટે જવાબદાર ગણાવ્યા હતા.બ્લુમબર્ગના જણાવ્યા મુજબ કન્ઝુમર્સ એપ્લાયન્સીસ બનાવતી કંપની વીડીયોકોને તેના પર ખડકાયેલા દેવાના ઢગ માટે અને કરોડોની લોન માટે વડાપ્રધાન મોદીની નોટબંધીની જાહેરાતને મુખ્ય કારણ ગણાવ્યુ હતું.આને કારણે કંપનીને વેપાર કરવામાં ભારે મુશ્કેલી પડી હતી.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

વફાદારી અને નિષ્ઠા મુલ્યો પ્રત્યે હોવી જોઇએ

કોમનમેનને પ્રાણી સાથે સબંધ છે કારણ માણસ પણ બેપગું પ્રાણી છે.કોમનમેનને ગધેડા જેવો છે.એમ ક્યારેક કહેવામાં આવે છે.કાગડાની જેમ કા....કા... કરે છે.હાથીની જેમ ચાલે છે.ગધેડાની જેમ વૈતરુ કરે છે.ગાય જેવો ગરીબ છ. પાડાની જેમ પડી રહે છે.કે ભેંસ જેવી જાડી છે. આમ વિચિત્ર પ્રાણી સાથેના આવા સબંધથી કોમનમેનનું હુબહુ વર્ણન કરીને ઘણા લેખકો નામના પામ્યા હશે.સમગ્ર પ્રાણીસૃષ્ટિ વિશે વાત કરવાને બદલે આજે તો માત્ર કુતરાની વાત કરવી છે.ગુરુ દત્તાત્રયે કુતરાને ગુરુ તરીકે સ્વીકારેલ તેનુ કારણ તેની સ્વામિભક્તિ હતી. આજે તો ચાંપલુસી, મસ્કાબાજી કે ફેલટરી જેવા શબ્દો વાપરીને સ્વામી ભક્તિ કે શ્વાનવૃત્તિનું અપમાન કરવામાં આવે છે. તમેજ કહો કે ગુરુ દત્તાત્રયે જે વફાદારી માટે શ્વાનને ગુરુપદે સ્થાપ્યા તેવી વફાદારી માટે માણસે ગાળ ખાવાની ? આ તે ક્યાંનો ન્યાય ?

કાગડા બધે કાળા એવી કહેવત છે તેમ. શ્વાન બધે શાણા. એમ કહી શકાય.કારણકે શ્વાન પુંછડી પટપટાવીને દુશ્મનનો ભસીને,માલિકને ચાટીને,લળી લળીને મીઠા સ્પર્શથી માલિકને રીઝવવા માટે પ્રયત્ન કરે છે.પોતાની વફાદારી પ્રગટ કરે છે. અને પોતાના શાણપણ દ્વારા માલિક પ્રત્યે નિષ્ઠા વફાદારી પ્રકટ કરે છે.કોમનમેન પણ આમ જ કરે તો તેને વખોડવાની વાત કરતાં લોકો લાજતા નથી.વફાદારી માણસને સૌથી મહાન ગુણ છે. એને પ્રકટ કરતાં રહેવામાં શાણપણ છે.આથી જ પોતાના નેતાની હાજરીમાં તેને જયજયકાર કરવાનો વણલખ્યો નિયમ તમામ પક્ષોના કાર્યકરો-નેતાઓ પાળે છે.ધર્મના વડાનો પણ એજ રીતે જયજયકાર કરવામાં આવે છે.પક્ષોના અધિવેશન દરમ્યાન નેતાઓના જયજયકાર કરે છે.આવો જયજયકાર એ વફાદારીના ઉદ્‌ઘોષ છે. એ વખાણવાપાત્ર છે, વખોડવાપાત્ર નથી.માટે જ શ્વાન જેવી સ્વામી ભક્તિ કે વફાદારી કોમનમેનનો બંધારણીય અધિકાર છે.

અમદાવાદ શહેરના ઈતિહાસમાં પણ શ્વાન સાથે સબંધ છે.જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા.અમદાવાદ શહેરના શ્વાન સસલા જેવા નબળા પ્રાણીથી ડરતા હતા.આ ભુમિનું પાણી મજબુત માનવીઓ પેદા કરશે એમ માની બાદશાહે અહમદાબાદ વસાવ્યું. અમદાવાદનો કોમનમેન એ જમાનાનાં શ્વાન જેવો જ ડરતો રહે છે.વફાદાર રહે છે.બાદશાહની ઈચ્છા ઝાઝી બર આવ ી નથી.એ કહી શકાય.પોરબંદરનો વાણીયો નામે મોહનદાસ કરમચંદ ગાંધી અહીં અમદાવાદ આવી વસ્યો એની પાછળનું ગંભીર કારણ ઈતિહાસે નોધ્યું નથી.અમદાવાદની જનતાની શ્વાનવૃત્તિ-વફાદારી ઉર્ફે શ્વાનદારી ધન્ય છે. ગાંધીજીની ગુણગ્રાહી વૃત્તિને.

લાંચ-રુશ્વત એ વૈશ્વીક વ્યવહાર છે.આ વ્યવહાર માણસ-માણસ વચ્ચેના સબંધનો હોવા છતાં, શ્વાનને ભાંડવામાં આવે છે.પોતાનુ કામ કઢાવવા કોઈ લાંચ આપે અને અમલદાર લે તે વ્યવહાર થયો. પણ વેપારી પોતાના ચોપડામાં આ ખર્ચ કુતરાના રોટલા ખાતે ઉધારે છે.અહીં કુતરાનો કોઈ વાંક ખરો ? વફાદારીના રોટલા તો મળે જ મળે. અમલદાર કામ કરે તે વફાદારીનુ વળતર આપે તે વફાદારી પ્રગટ કરવાનો પ્રકાર છે.ઈન્ડીયન્સ એન્ડ ડોગ્સ આર નોટ એલાવ્ડ એવું બોર્ડ અંગ્રેજોએ પોતાના કલ્બના દરવાજે લટકાવતા.આની પાછળ કદાચ એવું કારણ હોય કે નજીક આવવાથી શ્વાનો કે ઈન્ડીયનોની વફાદારીનો ચેપ લાગે .ઈન્ડીય શ્વાન કે ઈન્ડીયન કરડવાનો ડર પણ કદાચ કારણભુત હશે આ વિશે ઈતિહાસકારોએ સંશોધન કરવા જેવુ ખરું.

જ્યારે વફાદારી કે શ્વાનદારી વિશે વિચાર કરવાનો હોય ત્યારે લગ્નમાં વફાદારીનો અવશ્ય વિચાર આવે. આ બાબતમાં મર્યાદા પુરષોત્તમ રામ એક પત્નીવ્રત પાળનારા આદર્શ પુરુષ હતા.પણ હવે ધીમે ધીમે લગ્ન સંસ્થામાં આ ગુણને આદર્શ ગણવાને બદલે બંધન ગણવાની ફેશન પ્રવર્તે છે.કેટલાક કિસ્સાાં તો ભાદરવા માસે સ્વછંદાચાર કરતા શ્વાન જેવો આચાર કરતાં પુરુષ કે સ્ત્રી સમગ્ર શ્વાન સમાજના સદગુણો પર કલંકની કાલિમા ચોપડે છે. એ શ્વાનદારીના વંશપરંપરાગત વારસાને પણ લાંછન લગાડે છે.નાણા વગરનો નાથીયો. નાણે નાથાલાલ. ની જેમ પુછડી વગનો ડાઘિયો લાગે બાપાલાલ. આમ.બાધા લાગવાનુ કારણ એ કે પુંછડી પટપટાવીને જ વફાદારી દર્શાવી શકાતી હોય છે.પુંછડી પટપટાવવી કે તો સાંકેતિક શબ્દ છે એ માટેના અનેક પ્રકારના હાવભાવ કોમનમેને વફાદારી દર્શાવવા વિકસાવ્યા છે.નોબેલ પુરસ્કાર વિજેતા ગ્રેબ્રિયેલા મિસ્તરોલ નામના કવિયત્રીએ પોતાના પ્રેમીને માટે પ્રાર્થના કરતાં લખ્યુ છે કે હે પ્રભુ, સ્વામીભક્ત કુતરાની જેમ હુ તારા પગ ચાટીશ.કોમનમેન પણ પગ ચાટીને પોતાની વફાદારી સિધ્ધ કરવા તૈયાર હોયછે. કારણ સ્વામી એને માટે પ્રભુનું બીજુ સ્વરુપ હોય છે.

રાજકારણમાં કે નોકરીમાં વફાદારીમાં ગતિશીલતા ગુણ ગણાય છે.આથી જ કહેવાય છે કે ઈન્દ્રાણીને ઈન્દ્રાસન સાથે સબંધ હોય છે.ઈન્દ્ર સાથે નહી.રાજકારણાં પક્ષપલટા કે જુથ પલટા વાસ્તવિક ઘટના છે.સરકારમાં અધિકારીઓ પણ પ્રધાન બદલાય તેમ વફાદારી બદલતા હોય છે.તેમ કરવામાં જ તેમનું ભલુ રહેલું છે. ચેખોવની એક પ્રસિધ્ધ વારતા રખડતા કુતરા વિશે છે.રખડતું કુતરુ કરડવાની ફરિયાદ થતા કુતરાના માલિકની શોધ ચાલે છે.કુતરાનો માલિક કોમનમેન છે.એમ જણાતાં પોલીસ દબડાવે છે.પણ કોઈક કહે છે કે આ કુતરુ તો પોલીસવડાનું છે ત્યારે તે કુતરાને પ્રેમ કરે છે.અને ફરિયાદીને દબડાવે છે.કુતરાના માલિકી વશે જુદી જૂદી માહિતી પ્રમાણે કુતરા પ્રત્યેનું અને ફરિયાદી પ્રત્યેનું પોલીસનું વલણ બદલાય છે.આ પ્રકારની ગતિશીલ વફાદારી કોમનમેનનું લક્ષણ છે.કોમનમેન કંઈ વફાદારીને વફાદાર નથી.પોતાના હિતને વફાદાર છે.સમજ્યા ! કોમનમેનની વફાદારીને અને શ્વાનની સ્વામીભક્તિના સબંધ વિશે આટલી વિશદ ચર્ચા કર્યા પછી હવે શ્વાન વિશેની કેટલીક કહેવતો : દરેક કુતરો પોતાની ગલીમાં સિંહ હોય છે. માનવી અને કુતરાની લડાઈમાં પ્રથમ બટકું ભરવાનો હક્ક કુતરાને છે.દરેક કુતરો સાથે સુવે તેમણે જુ સાથે ઉઠવાની તૈયારી રાખવી. ઘણીવાર સારુ હાડકુ નબળા કુતરાના મોમાં જઈ પડતું હોય છે. બુઢ્ઢા કુતરો નવી ટ્રીકો શીખવાડી શકાતી નથી.ગમાણનો કુતરો નખાય, ન ખાવા દે. મને પ્રેમ કરો, મારા કુતરાને પ્રેમ કરો.

હસમુખ પટેલ(સૌ. સંદેશ)

કેન્દ્રએ અલ્હાબાદ હાઇકોર્ટમાં જજોની નિયુક્તિની ભલામણ બીજી વાર ફગાવી દીધી

અલ્હાબાદ હાઈકોર્ટમાં બે વકીલોને જજ તરીકે નિયુક્ત કરવાની કોલેજીયમની ભલામણને કેન્દ્ર સરકારે બીજી વાર નકારી કાઢી પરત મોકલી આપી છે.સુપ્રીમ કોર્ટના કોલેજીયમે સુપ્રીમના દિવંગત જજ સાગીર અહેમદના પુત્ર મોહમંદ મન્સુર અને બશારતઅલીના નામ કેન્દ્ર સરકારને મોકલી આપ્યા હતા.બંને અલ્હાબાદ હાઈકોર્ટમાં વરિષ્ઠ વકીલ છે.આ બંને વકીલોની જજ તરીકેની નિયુક્તિનો મામલો છેલ્લા અઢી વર્ષથી પડતર છે.કેન્દ્ર સરકારે જણાવ્યુ હતું કે સરકારને બંને ઉમેદવાર સામે ઘણી ફરિયાદ મળી છે.પરંતુ સુપ્રીમ કોર્ટના કોલેજીયમે તેમની સામેની ફરિયાદોને નજીવી ગણી છે.સુપ્રીમ કોર્ટના કોલેજીયમમાં સામેલ પાંચ જજમાંથી જસ્ટીસ જે. ચેલમેશ્વર નિવૃત થતાં હવે સુપ્રીમ કોર્ટે કોલેજીયમમાં નવા સભ્યની નિયુક્તિ કરવાની છે.માનવામાં આવે છે કે ત્યારબાદ જજોની નિયુક્તિ માટે નવા નામો પર વિચારણા કરાશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટમાં જજની નિયુક્તિ માટે નાઝીર અહેમદ બેગના નામની ભલામણ નામંજુર કરી દીધી છે.જ્યારે અન્ય ૩ વકીલ વસીમ સાદિક નારગીલ,સિધું શર્મા અને રાશિદઅલી ડારની નિયુક્તિને મંજુરી આપી છે.કેન્દ્ર સરકારે નાઝીર અહેમદ બેગનું નામ પાછું મોકલવા માટે કોઇ કારણ આપ્યું નથી.

૧૦ શહેરોમાં પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટની અરજી લેવાશે

જે પ્રકારે નવા પાસપોર્ટ કઢાવવા રિન્યુ કરાવવા માટે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે તેનો નિકાલ કરવા ઝડપથી થઇ શકે તે હેતુથી હવે રાજ્યમાં દસ જગાએ પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટ સેવા કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. જેના કારણે લોકોને અમદદાવાદ સુધી ધક્કા નહીં ખાવા પડે.વેકેશનમાં શનિવાર અને રવિવારના રોજ પણ પાસપોર્ટ માટે એપોઇમેન્ટ આપીને કચેરીઓ ચાલુ રાખવામાં આવી હતી.અમદાવાદની રિજીનલ પાસપોર્ટ ઓફિસમાં રોજની ૩૮૦૦ અરજીઓ પાસપોર્ટ મેળવવા માટે આવી રહી છે. જે પૈકી મહિનામાં બે હજાર જેટલા પાસપોર્ટ ઇશ્યુ કરવામાં આવે છે.જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬ લાખ જેટલા પાસપોર્ટ ઇશ્યુ કરવામાં આવ્યા છે.ડોક્યુમેન્ટ સબમીટ કરવામાં ભુલો થઇ હોવાના કેસમાં અરજદારને મેલ કરીને ડોક્યુમેન્ટ આપી જવા જણાવી દેવામાં આવે છે.ત્યાર બાદ તુરત પાસપોર્ટ ઇશ્યુ કરી દેવામાં આવે છે. અમદાવાદ રીજીનલ પાસપોર્ટ કચેરી સાથે સંકળાયેલા બે પીએસકે સેન્ટરો છે જે પૈકી એક મીઠાખળી અને વિજય ચાર રસ્તા નજીક આવેલા છે. અમદાવાદ સિવાય મહેસાણા,પાલનપુર,દાહોદ,આણંદ, ખેડા, ભરુચ,વેરાવળ,જુનાગઢ, પોરબંદર પોસ્ટ ઓફીસની અંદર પાસપોર્ટ સેવા કેન્દ્ર આવેલા છે.

કાર ભાડે મળશે

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક, સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રી: રોબીન ઘોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ઘોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.